| | | | | |
|---|---|---|---|---|
| **રજુ તારીખ** | :: | ૦૬.૦૧.૨૦૨૬ | | |
| **દાખલ તારીખ** | :: | ૦૬.૦૧.૨૦૨૬ | | |
| **નિકાલ તારીખ** | :: | ૨૫.૦૩.૨૦૨૬ | | |
| **અવધિ** | :: | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૦ | ૦૨ | ૧૯ |

**આંક–૧૬**

**મહેરબાન વિસાવદરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી બી.એચ.ભટ્ટ સાહેબની કોર્ટમાં, મું: વિસાવદર જી.જુનાગઢ.**

**ફોજદારી કેસ નં.: ૦૪/૨૦૨૬**

**વિસાવદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૭૦૨૪૦૧૫૩/૨૪**

ફરીયાદી : શ્રી સરકાર

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી : મુકેશભાઈ મંગુભાઈ સોલંકી,
ઉ.વ. ૩૫, ધંધો : મજુરી,
રહે.વિસાવદર, હનુમાનપરા,
સીતારભાઈના વંડા પાસે,
તા.વિસાવદર,જી.જુનાગઢ.

**:: નમુનો–અ ::**

| | |
|---|---|
| **મહેરબાન વિસાવદરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું: વિસાવદર.** | |
| ચુકાદાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૦૪/૨૦૨૬ |
| જજમેન્ટ આંક | ૧૬ |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | જી.પી.એકટ કલમ–૧૩૫ |
| પ્ર.માહિતી અહેવાલ | વિસાવદર પો.સ્ટે.ગુ.ર.ન. ૧૧૨૦૩૦૭૦૨૪૦૧૫૩/૨૪ |
| પોલીસ સ્ટેશન | વિસાવદર પોલીસ સ્ટેશન |
| ફરીયાદ પક્ષ | સરકારશ્રી/ ફરીયાદી પો.કો. |

| | |
|---|---|
| | દિનેશભાઈ અરજણભાઈ કાછેલા,<br>વિસાવદર પો.સ્ટે. |
| રજુઆત | વિ.મદદનીશ સરકારી વકીલશ્રી |
| આરોપી પક્ષ | મુકેશભાઈ મંગુભાઈ સોલંકી,<br>ઉ.વ. ૩૫, ધંધો : મજુરી,<br>રહે.વિસાવદર, હનુમાનપરા,<br>સીતારભાઈના વંડા પાસે,<br>તા.વિસાવદર,જી.જુનાગઢ. |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી<br>કે.બી.જોષી |

**:: નમુનો–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૬–૦૩–૨૦૨૪ |
| પ્ર. માહિતી અહેવાલની તારીખ | ૨૬–૦૩–૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨–૦૬–૨૦૨૪ |
| પ્લી નોંધ્યાની તારીખ | ૨૫–૦૨– ૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૩–૦૩– ૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |

| | |
|---|---|
| | |
| ચુકાદાની તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | –– |

## :: આરોપીની વિગત ::

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | મુકેશભાઈ મંગુભાઈ સોલંકી | ૨૬/૦૩/૨૦૨૪ | ૨૭/૦૩/૨૦૨૪ |
| **તહોમત** | **શુ નિર્દોષ છોડયા / સજા કરી** | **કરવામા આવેલ સજા** | **સુનાવણી દરમીયાન અટકાયતનો ફો.કા.સંહિતાની કલમ– ૪૨૮ મુજબ** |
| જી.પી.એકટ કલમ ૧૩૫ | નિર્દોષ | –– | –– |

––––––––––––––––––––––––––––––

## ગુનો : જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ.

––––––––––––––––––––––––––––––

## –:: ઠરાવ ::–

**(૧) ફરીયાદ પક્ષની ટુંકમા હકીકત એવી છે કે,**

આરોપીએ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૨૦/૦૦ વાગ્યે વિસાવદર કાલસારી રોડ ઉપર રેલ્વે ફાટક પાસે પોતાના પેન્ટના નેફામાંથી છરી કિં.રૂા.૧૦/– નો રાખી મળી આવી, મ્હે.જીલ્લા મેજી. સાહેબ જુનાગઢના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી પકડાઇ ગયા અંગેની ફરિયાદીએ ફરિયાદ આરોપી વિરુદ્ધ આપેલ. જે ફરિયાદીની ફરિયાદ અન્વયે વિસાવદર પોલીસ સ્ટેનશન ગુના રજીસ્ટર નં.૧૧ ૨૦૩૦૭૦૨૪૦૧૫૩/૨૦૨૪ થી જી.પી.એક્ટની કલમ– ૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)** આ કામે આરોપીને સમન્સ ઇશ્યું કરતાં, તે સમન્સ આરોપીને બજી જતાં, તે આરોપી તેના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીને પોલીસ પેપર્સની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૨૩૦ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી વિરુદ્ધ આંક–૦૭ થી નિવેદન નોંધતા, આરોપી પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપી વિરુદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

**(૩)** ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૮ | ફરીચાદી પો.કો. દિનેશભાઈ અરજણભાઈ |

| | | |
|---|---|---|
| | | કાછેલાની જુબાની |
| ૨ | ૧૦ | અટક–રીકવરી પંચનામાના પંચ સાહેદ નં. ૧ જુમ્માભાઈ ઉદેદાદભાઈ બ્લોચની જુબાની |
| ૩ | ૧૨ | અટક–રીકવરી પંચનામાના પંચ સાહેદ નં. ૨ સુરેશભાઈ જગજીવનભાઈ સાદરાણીની જુબાની |
| ૪ | ૧૩ | તપાસ કરનાર અધિકારી જુનાગઢ સી.આઈ. ડી.ક્રાઈમ બ્રાંચ, રાહુલભાઈ ભરતભાઈ દેવમુરારીની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **અ.નં.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૯ | અસલ ફરીયાદ |
| ૨ | ૧૧ | અટક–રીકવરી પંચનામું |
| ૩ | ૧૪ | હથીયારબંધીના જાહેરનામાની નકલ |

**(૪)** આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વિ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું મૌખિક જાહેર કરેલ છે.

**(૪.૧)** આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીને

તેમની વિરુદ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ મુખ્યત્વે ફરિયાદીએ ખોટી ફરિયાદ હોવાનું, ખોટો પુરાવો હોવાનું અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતાં આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઇ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટી ફરિયાદ કરેલ છે.

**(૫)** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષ દ્બારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ મુજબની દલીલ કરેલ છે અને આ કામે ફરિયાદ પક્ષ દ્બારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ છે. તેથી આ કામના આરોપીને કાયદા મુજબની સજા કરવા રજૂઆત કરેલ છે.

**(૫.૧)** આ કામે બચવા પક્ષના વિ.વ.શ્રીએ મૌખિક રજૂઆતમાં મુખ્યત્વે ફરિયાદ પક્ષના સાહેદોની ઉલટ તપાસમાં રેકર્ડ પર આવેલ વિરોધની હકિકતો તરફ ધ્યાને દોરેલ છે અને ફરિયાદ પક્ષે રજૂ ફરિયાદીનો પુરાવો ખુદ ફરિયાદ હકિકતથી વિપરીત હોવાથી આ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૬)** આ કામે ફરિયાદ પક્ષ દ્બારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુ દ્દા ઓ</u> –**

**(૧)** શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઇ તા.૨૬/૦૩/૨૦૨૪ ના રોજ કલાક ૨૦/૦૦ વાગ્યે વિસાવદર

કાલસારી રોડ ઉપર રેલ્વે ફાટક પાસે પોતાના પેન્ટના નેફામાંથી છરી કિં.રૂા.૧૦/– નો રાખી મળી આવી, મ્હે.જીલ્લા મેજી. સાહેબ જુનાગઢના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી પકડાઇ જઇ જી.પી. એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું આખરી હુકમ ?

**(૬.૧)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "નકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

– **કા ર ણો** –

**મુદ્દા નં. ૧** –

**(૭)** આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૮ થી ફરીયાદી પો.કો. દિનેશભાઈ અરજણભાઈ કાછેલાની ને તપાસવામાં આવેલ છે. આ સાહેદ આ કામના ફરિયાદી છે અને બનાવ અંગે તેઓએ તેમની આંક–૦૯ વાળી ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, પંચો રૂબરૂ હાલના આરોપી પાસે પેન્ટના નેફામાંથી એક લાકડાના હાથાવાળી એકબાજુ ધારવાળી છરી કિં. રૂા.૧૦/–, જે બીનજરૂરી રાખી જાહેરમા ભય ફેલાય તે રીતે છરી ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરેલ હોવાનું જણાવેલ છે. જે અંગેની તેઓએ ફરિયાદ જાહેર કરેલ અને આગળની તપાસ પો.એસ.આઈ. આર.ડી.રોહિતનાઓને સોંપેલાનું જણાવેલ છે.

**(૭.૧)** જ્યારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં

ફરીયાદીએ સ્વીકારેલ છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.

(૮) વધુમાં આંક–૧૧ વાળા આરોપીને અટક–રીકવરી કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ નં. ૧ જુમ્માભાઈ ઉદેદાદભાઈ બ્લોચને આંક–૧૦ થી તથા પંચ સાહેદ નં. ૨ સુરેશભાઈ જગજીવનભાઈ સાદરાણીને આંક–૧૨ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેઓ પોતાની જુબાનીમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય સદરહું પંચ સાહેદ પોલીસે લખેલ કાગળમા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ જણાવેલ છે. સદરહું પંચ સાહેદ પંચનામાની મહત્વની કોઇ હકિકતોને સમર્થન આપેલ નથી

(૮.૧) ત્યારબાદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચ સાહેદે મુખ્યત્વે એવી હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલી. આ સીવાય પંચનામાંની વિગતે તેઓ કાંઇ જાણતા નથી.

(૯) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૩ થી તપાસ કરનાર અધિકારી જુનાગઢ સી.આઈ. ડી.ક્રાઈમ બ્રાંચ, રાહુલભાઈ ભરતભાઈ દેવમુરારી ને તપાસવામાં આવેલ છે. આ સાહેદ આ કામના તપાસ કરતા અમલદાર છે અને બનાવ અંગે તેઓએ ફરિયાદ હકિકતને સમર્થન કરેલ છે અને બનાવ સમયે જિલ્લા મેજી.શ્રીનું હથિયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોય જેની નકલ આંક–૧૪ થી રજૂ રાખેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપી વિરુદ્ધનો ગુનો રજીસ્ટર થઇ આગળની તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

(૯.૧) જ્યારે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં ત.ક.અ. સ્વીકારેલ છે કે એ વાત ખરી નથી કે, ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી.

(૧૦) આમ, ફરિયાદ પક્ષના ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ ગુનાના કામે પંચનામું પહેલા કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે પરંતુ ફરિયાદમાં પંચોના નામ જણાવવામાં આવેલ નથી અને શા માટે જણાવવામાં આવેલ નથી તે અંગે કોઈ સચોટ કારણ ફરિયાદ પક્ષ દ્વારા જણાવવામાં આવેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યા એક જાહેર સ્થાનિક જગ્યા છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો તપાસના કામે લેવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. આમ, ફરિયાદ પક્ષના કેસમાં બનાવવાળી જગ્યાની આજુબાજુના સ્વતંત્ર સાક્ષીના પુરાવોનો રેકર્ડ ઉપર અભાવ જોવા મળે છે. આમ, આ કામના આરોપીએ બનાવ તારીખે, સમયે આરોપીએ જાહેરમાં રોડ ઉપર ગેરકાયદેસર પાસ પરમીટ વગર પોતાના કબજામાં આરોપી પાસે પેન્ટના નેફામાંથી એક લાકડાના હાથાવાળી એકબાજુ ધારવાળી છરી કિં. રૂા.૧૦/-,નો ધારણ કરી, પકડાઈ જઈ, મ્હે. જિલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એક્ટની કલમ- ૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરિયાદ પક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## - <u>**આ ખ રી હુ ક મ**</u> -

(૧) આ કામના આરોપી મુકેશભાઈ મંગુભાઈ સોલંકી નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરેલ મુદ્દામાલનો એક એક લાકડાના હાથાવાળી એકબાજુ

ધારવાળી છરીનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

(૩) બી.એન.એસ.એસ. ની કલમ– ૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૫ મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વિસાવદર.
તા.૨૫/૦૩/૨૦૨૬

( ભાવિક હિતેનભાઇ ભટ્ટ )
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર. જીજે૦૧૫૨૨